**"આ જ દૃશ્યો જોવા માટે લોકો વર્ષોથી રાહ જોઈ રહ્યા હતા"**




**કોટ વિસ્તારના લોકો આ દશ્ય કાયમી ધોરણે જોવા માંગે છે**



# '17 વર્ષ બાદ રાજમાર્ગ રવિવારી બજારથી મુક્ત જોવા મળ્યો!

**પોલીસ**-મનપાની રાત્રિવ્યાપી ડ્રાઇવથી દબાણકર્તાઓમાં હડકંપ મચ્યો

**નાસભાગનાં** દૃશ્યો બાદ રાજમાર્ગ ચોખ્ખોચણાક દેખાયો

સુરતઃ રાજમાર્ગ પર વર્ષોથી બેફામ રીતે ભરાતી અને છેલ્લા થોડા સમયથી તો રોજ રાત્રે રાજમાર્ગ પર કબજો જમાવી દેતાં દબાણોની બજાર પર 'ગુજરાતમિત્ર'ના સતત અહેવાલના પગલે સફાળા જાગેલા મનપા અને પોલીસ તંત્રએ સપાટો બોલાવ્યો હોય, 17 વર્ષ બાદ પહેલી વખત (કોઇ સ્પેશિયલ ફરમાન કે તહેવારો ના હોવા છતાં) આ રવિવારે રાજમાર્ગ પર ભરાતી રવિવારી બજાર તંત્રની ધાકથી સંપૂર્ણપણે બંધ રહી હતી. ચોકબજારથી લઈ ભાગળ સુધી પોલીસ અને સુરત મહાનગર પાલિકાની સંયુક્ત ટીમોએ શનિવાર બાદ રવિવારે પણ સતત ડ્રાઇવ ચલાવી દબાણકર્તાઓ અને ફેરિયાઓને હાંકી કાઢ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ-2008માં તે સમયના કોર્પોરેટર દીપક આફ્રિકાવાલાએ ખુદ રસ્તા પર ઊતરી રાજમાર્ગ પર ભરાતી રવિવારી બજાર બંધ કરાવી હતી. જો કે, થોડા રવિવાર બજાર બંધ રહી, બાદ પોલીસ અને પાલિકાના અધિકારીઓની નીરસતા તથા લાપરવાહીના પાપે ફરી બજાર ધમધમતું બન્યું હતું. એ જ સમયમાં દીપક આફ્રિકાવાલાએ કમાલ ગલી અને સાગર હોટેલની ગલીમાં ભરાતી શનિવારી બકરાં બજારને પણ સખત કાર્યવાહી કરીને બંધ કરાવી હતી. દીપક આફ્રિકાવાલા ત્યારબાદ પણ સમયાંતરે દબાણના મુદ્દે મનપા કમિશનરને રજૂઆતો કરતા રહ્યા હતા. છતાં રાજમાર્ગ પરનાં દબાણો અડીખમ રહ્યાં હતાં. પરંતુ આ વખતે પરિસ્થિતિ અલગ રહી. શનિવારની રાતથી જ પોલીસે કડક રૂખ અપનાવ્યો હતો. જ્યારે મનપાના અધિકારીઓએ ફેરિયાઓનો સામાન જપ્ત કરવાનું શરૂ કરતાં દબાણકર્તાઓમાં નાસભાગ મચી ગઈ હતી. વર્ષો બાદ રવિવારે રાજમાર્ગ સંપૂર્ણ ખુલ્લો દેખાતાં અહીંથી પસાર થતા વાહનચાલકો અને સ્થાનિક રહેવાસીઓમાં આનંદ અને રાહતની લાગણી જોવા મળી હતી. "આજ દિવસ જોવા માટે લોકો વર્ષોથી રાહ જોઈ રહ્યા હતા," એવી લાગણી રસ્તા પર સ્પષ્ટ દેખાતી હતી. હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે, શું આ કાર્યવાહી માત્ર એક દિવસની ડ્રાઇવ પૂરતી સીમિત રહેશે કે પછી રાજમાર્ગને કાયમી રીતે દબાણમુક્ત રાખવામાં તંત્ર સાચે જ ગંભીર બનશે?

# વર્ષો પછી ચૌટામાં સવારથી રાત સુધી વાહનો સડસડાટ દોડ્યા

**હવે** ચાર દિન કી ચાંદની જેવું ના થાય એ જોવું રહ્યું

સુરતઃ દબાણ માટે વર્ષોથી કુખ્યાત બનેલા ચૌટા બજારમાં પણ મેયર અને પોલીસ કમિશનર વરાછા રોડની જેમ રસ્તા પર ઊતરી દબાણમુક્ત કરાવે તેવી હાંકલ સાથેના 'ગુજરાતમિત્ર'ના અહેવાલ બાદ ચૌટા બજાર અને રાજમાર્ગ પર મહાનગર પાલિકા અને પોલીસની સંયુક્ત કાર્યવાહીથી સોમવારે અચંબિત કરનારાં દૃશ્યો જોવા મળ્યાં હતાં. વર્ષો બાદ પહેલી વખત ચૌટા બજારમાં દબાણ નહીંવત થઈ જતાં બપોરના સમયે ફોર વ્હીલર સરળતાથી પસાર થતાં જોવા મળ્યાં હતાં. તો રાત્રે ખરીદી માટે આવેલા લોકોને સરળતાથી અવરજવરનો માર્ગ મળતા ગ્રાહકો અને સ્થાનિક રહેવાસીઓમાં આનંદની લાગણી છવાઈ હતી. જો કે, આ દૃશ્યો હવે રોજ જોવા મળે અને તંત્રની કામગીરી માત્ર 'ચાર દિન કી ચાંદની' બનીને ના રહી જાય તે પણ તકેદારી રાખવા તંત્રને ટકોર કરવામાં આવી રહી છે.

ગઈકાલ સુધી પોલીસ-પાલિકા અને દબાણકર્તાઓ વચ્ચે સંતાકૂકડી ચાલતી હતી, પરંતુ સોમવારે ચૌટા બજારમાં દૃશ્ય સંપૂર્ણ બદલાયેલું જોવા મળ્યું હતું. સુરતના મેયર દક્ષેશ માવાણી અને પોલીસ કમિશનર અનુપસિંહ ગહલૌત ખુદ ચૌટા બજારમાં પહોંચ્યા હતા. થોડા દિવસ પહેલા વેપારીઓને દુકાન બહાર દબાણ ન કરવા અપીલ કરતાં તેમણે સ્પષ્ટ ચીમકી આપી હતી કે, પંદર દિવસમાં દબાણ યથાવત રહેશે તો દુકાન સીલ કરવા સાથે ગુનો દાખલ કરવામાં આવશે. શરૂઆતમાં આ ચીમકીની ખાસ અસર જોવા મળી ન હતી, પરંતુ પોલીસે સતત ફૂટ પેટ્રોલિંગ અને દુકાન બહાર દબાણના ફોટોગ્રાફ લેવાનું શરૂ કરતાં સ્થિતિ બદલાવા લાગી હતી. લોકોમાં એક જ ભાવના સ્પષ્ટ રીતે વ્યક્ત થઈ રહી છે કે, "દેર આયે દુરસ્ત આયે, પરંતુ આ કાર્યવાહી માત્ર ચાર દિન કી ચાંદની સાબિત ન થાય." કોટ વિસ્તારના રહેવાસીઓ અને વેપારીઓ ઈચ્છે છે કે, મનપા અને પોલીસ આ રીતે સતત ડ્રાઇવ ચાલુ રાખે અને ચૌટા બજારના દબાણકર્તાઓને કાયમી ધોરણે અહીંથી સ્થળાંતર કરવા મજબૂર કરે. લોકો સ્પષ્ટ કહે છે કે, આજે જે ખુલ્લા અને શિસ્તબદ્ધ ચૌટા બજારનાં દૃશ્યો જોવા મળ્યાં છે, તે હવે રોજિંદા બનવા જોઈએ. આ વિસ્તાર ફરી દબાણના કબજામાં ન જાય, એટલી જ લોકોની સૌથી મોટી અપેક્ષા છે.

# સોની ફળિયાની મિલકતનો નાયબ કલેક્ટર સિટી પ્રાંતનો અશાંતધારાનો હુકમ રદ

**અશાંતધારા** હેઠળની પરવાનગી પર ઊઠ્યા ગંભીર પ્રશ્નો

સુરતઃ શહેરના સોનીફળિયા મેઈન રોડ ઉપર આવેલી મહત્ત્વની મિલકતને લગતી અશાંતધારાની પરવાનગી મામલે અમદાવાદ સ્થિત સેક્રેટરી, રેવન્યુ ડિપાર્ટમેન્ટ (SSRD) કોર્ટ દ્વારા નાયબ કલેક્ટર સિટી પ્રાંતનો હુકમ રદ કરવામાં આવ્યો છે. સાથે જ આ સમગ્ર મામલો ફરીથી કાયદેસર અને પારદર્શક રીતે વિચારણા કરવા નાયબ કલેક્ટરને પરત મોકલવામાં આવ્યો છે.

કેસની વિગત મુજબ, સોનીફળિયા મેઈન રોડ પર આવેલી સિટી સર્વે વોર્ડ નં. 10ની નોંધ નં. 2201 થી 2205 સુધીની મિલકત વિધર્મી વ્યક્તિને તબદીલ કરવાની હતી, જેના માટે ગુજરાત સરકારના અશાંતધારા કાયદા હેઠળ પૂર્વ પરવાનગી લેવી અનિવાર્ય હતી.

આરોપ છે કે આ પરવાનગી અતિ ટૂંકા સમયગાળામાં, સ્થાનિક રહેવાસીઓની જાણ બહાર અને તૃતીય વ્યક્તિઓના નિવેદનોના આધારે આપવામાં આવી હતી, જેના કારણે સમગ્ર પ્રક્રિયાની પારદર્શકતા ઉપર સવાલ ઊભા થયા હતા. આ સમગ્ર હુકમ સામે સ્થાનિક અગ્રણી રમેશ ગોહિલ દ્વારા એડવોકેટ કૌશિક રાણા અને એડવોકેટ જીજ્ઞેશ ચૌહાણ મારફતે SSRD કોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી હતી.

અપીલ દરમિયાન રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવા, કાયદાકીય મુદ્દાઓ અને દલીલોને ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લઈને SSRD કોર્ટએ નાયબ કલેક્ટર સિટી પ્રાંતનો અશાંતધારાનો હુકમ રદ કરવાનો મહત્ત્વનો આદેશ આપ્યો છે.

### ચાલુ કોર્ટ કેસ અને SMC સીલ હોવા છતાં અપાઈ પરવાનગી

મહત્ત્વનું છે કે સંબંધિત મિલકત અંગે અગાઉથી નામદાર કોર્ટમાં વિવાદ ચાલી રહ્યો હતો. એટલું જ નહીં, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (SMC) દ્વારા મિલકત સીલ કરવામાં આવી હોવા છતાં નાયબ કલેક્ટર સિટી પ્રાંત દ્વારા અશાંતધારાની પરવાનગી આપવામાં આવી હતી, જે કાયદેસર પ્રક્રિયા સામે જાય છે તેવી દલીલ અપીલમાં કરવામાં આવી હતી.

### મામલો ફરીથી તપાસવા નાયબ કલેક્ટરને પરત મોકલાયો

SSRD કોર્ટના આદેશ અનુસાર હવે આ સમગ્ર કેસની ફરીથી યોગ્ય તપાસ, તમામ પક્ષોને સાંભળીને અને કાયદાની જોગવાઈઓ અનુસાર વિચારણા કરવા નાયબ કલેક્ટર સિટી પ્રાંતને નિર્દેશ આપવામાં આવ્યા છે. આ નિર્ણયથી અશાંતધારા કાયદાની અમલવારીમાં પારદર્શકતા અને કાયદાનું પાલન સુનિશ્ચિત થવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ચૌટાબજારમાં 40 ફૂટથી વધુ દબાણો માટે જવાબદાર જર્જરિત ગોડાઉન સીલ કરી દેવાયું



સુરતઃ ચૌટાબજારમાં દબાણોની સમસ્યા તો છે જ, તેની સાથે સાથે ઘણી જૂની મિલકતો વેપારીઓએ ગોડાઉન તરીકે તબદીલ કરી દીધી છે. જૂની જર્જરિત મિલકતોને કારણે ચૌટાબજારમાં જીવનું જોખમ પણ રહે છે. જેને લઈને હવે તંત્ર દ્વારા ચૌટાબજારમાં દબાણની સમસ્યા નાથવાની સાથે સાથે જર્જરિત મિલકતો સામે પણ હવે નોટિસ નોટિસ નહીં રમતા સીધી લાલ આંખ કરી છે.

ચૌટાબજાર મેઇન રોડ કેલાપીઠ વિસ્તારની વર્ષો જૂની મિલકતની બહાર અને ઓટલા પર ફેરિયાઓ અડિંગો જમાવીને બેસી રહેતા હતા. આ મકાન જર્જરિત હતું અને 2019, 2023 અને 2025માં એમ ત્રણ વાર નોટિસ આપી હતી. ચૌટાબજારના દબાણોના ટોપ થ્રીમાં આ મકાનનો સમાવેશ થતો હતો. અંદર ગોડાઉન અને બહાર સામાન લગાવી આજુબાજુમાં 25થી 30 ફૂટ એલ આકારમાં દબાણ કરતા હતા. આ મિલકતદાર અન્ય દબાણકર્તાઓને રાત્રે સમાન રાખવા ભાડે જગ્યા પણ આપતા હતા. આ મિલકત જર્જરિત હોય ગમે ત્યારે અકસ્માત થવાની ભીતિ વ્યક્ત કરાઈ હતી. ત્રણ વખત જર્જરિત મિલકતનું રિપેરીંગ કરવાની, સ્ટ્રક્ચર સ્ટેબિલિટી રિપોર્ટ રજૂ કરવાની નોટિસ ફટકારવામાં આવી હતી. હાલની દબાણની સમસ્યા અને જર્જરિત મિલકતની સ્થિતિને જોતાં સેન્ટ્રલ ઝોને મિલકત સીલ કરી દેતાં દબાણકર્તાઓમાં સોપો પડી ગયો છે.

# દિલ્હીમાં ધુમ્મસ ઈન્ડિગોની બે ફ્લાઈટ એકથી દોઢ કલાક લેટ

સુરતઃ દિલ્હી એરપોર્ટ પર ધુમ્મસને લીધે ઈન્ડિગોની બે ફ્લાઈટ આજે સોમવારે એકથી દોઢ કલાક મોડી પડી હતી. તા. 22.12.2025 ના રોજ, ઈન્ડિગો ફ્લાઈટ 6E-784 સુરતથી જયપુર (STD 16:35 કલાક) 01 કલાક 30 મિનિટ અને ઈન્ડિગો ફ્લાઈટ 6E-6846 સુરતથી દિલ્હી (STD 21:30 કલાક) 01 કલાક 10 મિનિટ મોડી પડી હતી. દિલ્હીમાં પ્રદૂષણને લીધે સવારે અને રાતે ધુમ્મસ ભર્યો માહોલ છવાયેલો રહે છે. જેને લીધે દિલ્હીથી જતી અને આવતી ફ્લાઈટ રોજ મોડી પડી રહી છે.

### વરાછામાં સગાઈ નહીં થવાના ટેન્શનમાં યુવકનો આપઘાત

સુરતઃ વરાછામાં સગાઈ નહીં થવાના ટેન્શનમાં 22 વર્ષીય યુવકે એસિડ પીને આત્મહત્યા કરી લીધી હતી. મૂળ ભાવનગરના વતની વિશાલ રમેશ કાલિયા (ઉં.વ.22) હાલ વરાછા બુટભવાની રોડ પર આવેલા નીલકંઠ સોસાયટીમાં પરિવાર સાથે રહેતો હતો. વિશાલ ડ્રાઇવિંગનું કામ કરતો હતો. વિશાલની સગાઈ થતી ન હતી. જેથી ટેન્શનમાં આવીને વિશાલે રવિવારે રાત્રે ઘરમાં એસિડ પી લીધું હતું. બનાવની જાણ થતાં પરિવારજનો તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું.

### પુણાગામની પરિણીતાનો ઝેર પી આપઘાત

સુરતઃ પુણાગામમાં જમવાનું બનાવવાની વાતે ઝગડો થતા પરિણીતાએ ઝેર પીને આપઘાત કરી લીધો હતો. મૂળ ઉત્તરપ્રદેશના વતની અર્જુન યાદવ હાલ પુણાગામ અર્જુન નગરમાં પત્ની કુસુમદેવી (28 વર્ષ) તેમજ બે સંતાન સાથે રહે છે રવિવારે રાત્રે8 વાગ્યે તેનો પત્ની સાથે જમવાનું બનાવવાની બાબતે ઝગડો થયો હતો. જે વાતનું માઠું લગાવીને કુસુમદેવીએ ઝેર પી આપઘાત કરી લીધો હતો.

### અમરોલીમાં અચાનક બેભાન થઈ જતા પરિણીતાનું મોત

સુરતઃ અમરોલીમાં અચાનક બેભાન થઈ જતા પરિણીતાનું મોત નિપજ્યું હતું. મૂળ ઓરિસ્સાના વતની સંન્યાસી નાહક હાલ અમરોલી જલારામ સોસાયટીમાં આવેલ તુલસીધામ એપાર્ટમેન્ટમાં પત્ની લક્ષ્મી (25 વર્ષ) સાથે રહે છે અને સંચાખાતામાં કામ કરે છે. એકાદ મહિના પહેલાં તેમની પત્નીની જ પ્રસૂતિ થયા બાદ સતત તેની તબિયત ખરાબ રહેતી હતી. રવિવારે તેની તબિયત વધારે લથડી જતાં સ્મીમેરમાં ખસેડવામાં આવી હતી જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કરી હતી.

# પાંડેસરામાં ગાંજો વેચતા બે આરોપીની ધરપકડ

**પુનિતનગર** અને પ્રેમનગર ભેદવાડમાંથી ત્રણ લાખની કિંમતનો મુદ્દામાલ કબજે લીધો

સુરત : પાંડેસરામાં ગાંજાનું વેચાણ કરી રહેલા બેને ઝડપી પાડી પોલીસે 2.55 લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો.

પાંડેસરાના પુનિતનગરમાં પ્લોટ નં. 193માં પ્રથમ માળે રહેતો મૂળ ઓરિસ્સાનો 38 વર્ષીય અમુલ્યા સુભાષચંદ્ર શાહુ પોતાના મકાનમાં જ ગાંજાનું વેચાણ કરતો હતો. પોલીસે તેના ઘરે તપાસ કરતાં 1.725 કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે અહીંથી 86 હજારની કિંમતનો ગાંજો અને ગાંજાના વેચાણમાંથી મળેલા 86 હજાર મળી કુલ રૂપિયા 2.55 લાખની કિંમતનો મુદ્દામાલ કબજે લીધો હતો. તેણે આ જથ્થો ઓરિસ્સામાં રહેતા કાન્હા નામના ઈસમ પાસેથી મેળવ્યો હોવાનું કબૂલ્યું હતું, જેને પગલે પોલીસે સપ્લાયરને વોન્ટેડ જાહેર કરી તેની ધરપકડ માટેના પ્રયાસો તેજ કર્યા છે.બીજી કાર્યવાહીમાં પાંડેસરા પોલીસે મૂળ મહારાષ્ટ્રના અકોલા જિલ્લાના રહેવાસી 55 વર્ષીય ગજાનંદ હિરામણ ઈંગલેને ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી 860 ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો, જેની કિંમત અંદાજે 43 હજાર રૂપિયા હોવાનું જણાવાયું છે.આ ઉપરાંત મોબાઈલ સહિત કુલ 48 હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં ગાંજો પૂરો પાડનારને વોન્ટેડ જાહેર કરાયો છે.

# પાંડેસરાના પોક્સો કેસમાં આરોપીને કોર્ટે દોષિત ઠેરવ્યો

**કોર્ટ** કાર્યવાહી દરમિયાન આરોપી હાજર નહીં રહેતાં બિનજામીનપાત્ર વોરંટ

સુરતઃ બે વર્ષ પહેલાના પોક્સો કેસમાં આરોપીને કોર્ટે દોષિત ઠેરવ્યો હતો.

તા.૩/૫/૨૦૨૩ના રોજ આરોપી આકાશ ઉર્ફે અક્કી ઓમપ્રકાશ યાદવ ફરિયાદીની સગીર વયની દીકરીને ફરિયાદીની સંમતિ વગર, ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી, ફોસલાવી, પ્રેમજાળમાં ફસાવી, અપહરણ કરી ગયો હતો. અલગ અલગ રૂમો ભાડેથી રાખી ભોગ બનનાર સગીર વયના હોવાનું જાણવા છતાં આરોપીએ ભોગ બનનારની ઈચ્છા વિરુદ્ધ દુષ્કર્મ કર્યું હતું. આ બનાવની ફરિયાદ પાંડેસરા પોલીસ સ્ટેશને પોક્સો એક્ટ સહિતની કલમો અન્વયે ગુનો નોંધાયો હતો. આરોપી આકાશ ઉર્ફે અક્કી ઓમપ્રકાશ યાદવની ધરપકડ કરાઈ હતી. તપાસના અંતે આરોપી વિરૂદ્ધ કોર્ટમાં ચાર્જશીટ કરાઈ હતી. કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી થઈ હતી. આરોપી આકાશ ઉર્ફે અક્કી ઓમપ્રકાશ યાદવ જામીન પર હોવાથી કોર્ટ કાર્યવાહીમાં હાજર નહીં રહેતાં કોર્ટે બિનજામીનપાત્ર વોરંટ પણ જારી કર્યું હતું. કોર્ટે આરોપીને દોષિત ઠેરવ્યો હતો. સજા બાબતે આરોપીનો પક્ષ સાંભળવામાં આવશે. ત્યારબાદ આગળની કાર્યવાહી કોર્ટ દ્વારા કરવામાં આવશે.

### પીડિતા સગીર હોય ત્યારે તેની સંમતિ મહત્ત્વની નથી: કોર્ટ

આરોપી તરફે એવી દલીલ કરાઈ હતી કે, ભોગ બનનાર પોતાની મરજીથી આરોપી સાથે ગઈ છે અને તેને આરોપીએ લલચાવી નથી કે, ફોસલાવી નથી અને તેથી અપહરણ ગુનો બનતો નથી. કાયદાકીય પરિસ્થિતિને ધ્યાને લેતાં આ દલીલ ગ્રાહ્ય રાખવાપાત્ર જણાઈ આવતી નથી. ભોગ બનનાર જ્યારે સગીર વયની હોય ત્યારે કાનૂની પ્રબંધોને ધ્યાનમાં લેતા ભોગ બનનારની સંમતિ અસ્થાને રહે છે. ભોગ બનનાર સગીર વયની હોય તેની સંમતિ એ કાયદેસરની સંમતિ નથી તેમ કોર્ટે ચુકાદામાં જણાવ્યું હતું.

# હોસ્પિટલ બંધ હોવાનું કહી ક્લેઈમ નકારનાર વીમા કંપનીને ફટકાર

**ફરિયાદીને** નવ ટકાના વ્યાજ સહિત રકમ ચૂકવવા ગ્રાહક કોર્ટનો આદેશ

સુરતઃ હોસ્પિટલ બંધ થઈ જવાથી દર્દી દ્વારા ફ્રોડ કરવા અથવા ફરિયાદીનો ક્લેઈમ જેન્યુઈન નથી, એવા ખોટા અને વ્યાજબી કારણ વગર અનૈતિક વેપાર પદ્ધતિનો આશરો લઈ સેવામાં ખામી દાખવવા બદલ ગ્રાહક સુરક્ષા કોર્ટે વીમા કંપનીને ફટકાર લગાવી હતી અને ક્લેઈમની રકમ ૯ ટકાના વ્યાજથી ફરિયાદીને ચૂકવી દેવા હુકમ કર્યો હતો.

આ કેસની હકીકત એવી હતી કે ફરિયાદી અરવિંદભાઈ ડોડીયાએ ખાનગી હોસ્પિટલમાં ડેન્ગ્યુની સારવાર લીધી હતી. ફરિયાદીએ વીમા કંપનીમાં ક્લેઈમ કર્યો હતો. હોસ્પિટલ બંધ હોવાના સહિતના કારણ ધરીને વીમા કંપનીએ ક્લેઈમ નામંજૂર કર્યો હતો. જેથી ફરિયાદીએ વકીલ પવન યાદવ મારફતે ગ્રાહક સુરક્ષા કોર્ટમાં ફરિયાદ કરી હતી. ફરિયાદપક્ષે વકીલે દલીલ કરી હતી કે જે સમયે દર્દી હોસ્પિટલમાં હતા અને વીમા કંપનીમાં દાવો કર્યો ત્યારે હોસ્પિટલ ચાલુ હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ ગ્રાહક સુરક્ષા કોર્ટે વીમા કંપનીની ક્લેઈમ નકારવાના કારણોની ગંભીરતાથી નોંધ લઈ ફરિયાદીને ૬૨,૧૧૦ની રકમ નવ ટકા વ્યાજ સાથે ચૂકવી દેવા હુકમ કર્યો હતો.

**અમરોલીમાં વ્યાજખોરોના ત્રાસથી પરિવાર હેરાન, લાખોની વ્યાજ વસૂલાત**

# 24 લાખ સામે 32 લાખ ચૂકવ્યા છતાં 24 લાખ બાકી!

**ધમકી** અને ગાળો બાદ વૃદ્ધ પિતાએ માનસિક તણાવમાં દવા પીધી

સુરતઃ વ્યાજખોરોના ત્રાસથી યુવાને આપઘાત કરતા મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે. અમરોલી ગીરનાર સોસાયટીમાં રહેતા વૈભવ જનકભાઈ ભાદાણી (ઉં.વ.૩૩)એ અમરોલી પોલીસમાં ફરીયાદ કરતાં જણાવ્યું છે કે, વૈભવ અમેઝોન પર હોમ એન્ડ કિચન સામાન વેચવાનો ધંધો કરે છે. ધંધા માટે રૂપિયાની જરૂરિયાતના કારણે તેમણે વર્ષ ૨૦૨૨થી વિવિધ વ્યક્તિઓ પાસેથી ઊંચા વ્યાજે રૂપિયા લીધા હતા. જેમાં નિલેશભાઈ અમૃતભાઈ પ્રજાપતિ પાસેથી માસિક ૫ ટકાના વ્યાજે ટુકડે-ટુકડે કરી કુલ રૂ.૨૪ લાખ લેવામાં આવ્યા હતા. વ્યાજ પેટે અત્યાર સુધી રૂ.૨૬.૩૪ લાખ ઓનલાઈન અને રૂ.૫.૫૧ લાખ રોકડ સહિત કુલ રૂ.૩૧.૮૫ લાખ ચૂકવ્યા હોવા છતાં હજુ પણ રૂ.૨૪ લાખની માંગણી કરી સતત ફોન દ્વારા ધમકી આપી ત્રાસ ગુજરાતો હતો.

આ ઉપરાંત કલ્પેશભાઈ લલીતભાઈ માલવીયા પાસેથી માસિક ૯ ટકાના વ્યાજે રૂ.૭ લાખ લેવાયા હતા. જેમાં વ્યાજ અને રોકડ મળીને રૂ.૧૨.૦૬ લાખ ચૂકવ્યા છતાં હજુ રૂ.૮ લાખની ઉઘરાણી કરવામાં આવી રહી છે. ગત ૧૪ ડિસેમ્બરે કલ્પેશભાઈ, ઘરે આવી તેમની માતા અને પત્નીને ગાળાગાળી અને ધમકી આપી ગયા હતા. આ ઘટનાના બીજા જ દિવસે વૈભવના પિતાએ માનસિક તણાવમાં દવા પી લેતાં તેમને કિરણ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. વધુમાં તેણે બાબુભાઈ કિશોરભાઈ રબારી પાસેથી માસિક ૬ ટકાના વ્યાજે રૂ.૨.૫૦ લાખ લેવાયા હતા. જેમાં ફોરવ્હીલ ગાડી ગીરવે રાખી અને કોરા ચેક આપ્યા હતા. વ્યાજ ચૂકવ્યા છતાં હવે મૂળ રકમ ન ચૂકવાય તો ગાડી વેચી નાખવાની અને ચેક બાઉન્સ કરાવવાની ધમકી આપવામાં આવી રહી છે.

આ મામલે વ્યાજખોરો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

### ૫ વ્યાજખોર સામે ફરિયાદ

નિલેશભાઈ અમૃતભાઈ પ્રજાપતિ (રહે., 114, ગીરનાર સોસાયટી, અમરોલી), કલ્પેશભાઈ લલીતભાઈ માલવીયા (રહે., અમરદીપ સોસાયટી, છાપરાભાઠા રોડ, અમરોલી), ભાનુબેન લલીતભાઈ માલવીયા (રહે., અમરદીપ સોસાયટી, છાપરાભાઠા રોડ, અમરોલી), પુનમબેન કલ્પેશભાઈ માલવીયા (રહે., અમરદીપ સોસાયટી, છાપરાભાઠા રોડ, અમરોલી), બાબુભાઈ કિશોરભાઈ રબારી (રહે., અમરોલી વિસ્તાર, સુરત)

### આધારકાર્ડ લિંક નહીં હશે તો પાનકાર્ડ અમાન્યની વાત અફવા છે

સુરતઃ ૩૧મી ડિસેમ્બર સુધીમાં પાનકાર્ડ સાથે આધાર કાર્ડ લિંક નહીં હશે તો પાનકાર્ડ અમાન્ય થઈ જવાની અફવાએ આ વર્ષે પણ જોર પકડ્યું છે.

ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલ કરવાની અંતિમ તારીખના ગણતરીના દિવસો બાકી છે ત્યારે તમારા પાનકાર્ડ ને તમારા આધાર કાર્ડ સાથે લિંક કરવાની અંતિમ તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ છે. જેમનો પાનકાર્ડ આ અંતિમ તારીખ સુધીમાં આધાર સાથે લિંક નથી થયો, તેમનો પાનકાર્ડ ૧ જાન્યુઆરી, ૨૦૨૬થી અમાન્ય થઈ જશે.

આવી અફવાએ જોર પકડ્યું હતું. આ અંગે સર્ધન ગુજરાત કોમર્શિયલ ટેક્સ બાર એસોસિએશનના અધ્યક્ષ શશાંક એમ. મીઠાઈવાલા પાસેથી જાણવા મળ્યા મુજબ સરકાર તરફથી આવી કોઈ પ્રોસિજર છે નહીં. દર વર્ષે આ અંગેના મેસેજો ફરતા રહે છે. ઘણી વખત પોર્ટલ સિસ્ટમની સમસ્યાને કારણે આધાર-પાનકાર્ડ લિંક બતાવતું હોતું નથી. થોડા સમય પછી જોવામાં આવે તો લિંક બતાવતું હોય છે.

# દેવડીનો રોડ બંધ કરાતા મનપા-સરકાર અને ટ્રસ્ટને નોટિસ

**પબ્લિક** રોડને વાહન વ્યવહાર માટે કાયમી રીતે બંધ કરવાનો મનપાનો નિર્ણય ગેરકાયદે અને જનવિરોધી: પૂર્વ કોર્પોરેટર વિજય પાનશેરિયા

સુરતઃ કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર વિજય પાનશેરીયા દ્વારા હાઈકોર્ટના એડવોકેટ ડો.હિર્નેશકુમાર ભાવસાર મારફત સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન, શહેરી વિકાસ વિભાગના સચિવ અને દાવત પ્રોપર્ટીઝ ટ્રસ્ટને લીગલ નોટિસ જારી કરવામાં આવી છે. આ નોટિસમાં ઝાંપા બઝાર વોર્ડ નં. ૩ના દેવડી મુબારક પરિસરના પબ્લિક રોડને વાહન વ્યવહાર માટે કાયમી રીતે બંધ કરવાના મનપાના નિર્ણયને ગેરકાયદે અને જનવિરોધી ગણાવીને તેને તાત્કાલિક રોકવાની માંગ કરવામાં આવી છે.

આ બાબતે વિજય પાનશેરિયાએ જણાવ્યું હતું કે, મનપાની સ્ટેન્ડિંગ કમિટીએ 26-09-2025 ના ઠરાવ અને જનરલ બોર્ડના ઠરાવ નં. 887 દ્વારા 2014 ના જૂની દરખાસ્તને પુનઃ ઉઠાવીને રોડ બંધ કરવાની મંજૂરી આપી છે, જે જીપીએમસી એક્ટની કલમ 203(2)નું ઉલ્લંઘન છે. તેમજ આ નિર્ણયથી ઝાંપા બઝાર, બેગમપુરા અને આસપાસની 3 લાખ વસતીને મુશ્કેલી પડશે, ખાસ કરીને આરોગ્ય સંબંધિત એમ્બ્યુલન્સ સેવા અને શાળા વાનની પ્રવેશમાં તેમજ રોજિંદા ધંધા રોજગારને સીધી અસર પડશે. જેમકે, ગામતળના પબ્લિક રોડને દાવત પ્રોપર્ટીઝ ટ્રસ્ટને આપવાથી આસપાસના વિસ્તારોમાં 2 કિમી વધુ ફરવું પડશે. આ નિર્ણયથી આર્થિક નુકસાનને પણ વેગ મળે તેવી સંભાવના છે. જેમ કે, ગોંપીપુરાના 2124 ચો.મી. જમીનના બદલામાં વધુ કિંમતની જમીન આપવા કે ઉપયોગથી ટેક્સ પેયર્સના પૈસાનો દુરુપયોગ થઈ રહ્યો છે, જે લેન્ડ રેવન્યુ કોડનું ઉલ્લંઘન છે તેમજ આ નિર્ણયથી દાવત પ્રોપર્ટીઝ ટ્રસ્ટને સીધો જ લાભ થઈ રહ્યો છે અને તે ગુજરાત હાઈકોર્ટના 2014 ના આદેશનું અવગણના પણ છે. વિજય પાનશેરિયાએ કાનૂની માંગો સાથે નોટિસમાં 15 દિવસમાં કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી હતી તેમજ ઠરાવની સમીક્ષા કરી જનહિતમાં રદ્દ કરવા પણ જણાવ્યું હતું. દાવત ટ્રસ્ટ સામે કાર્યવાહી કરી જમીન પરત મેળવી સ્થાનિક સુરત શહેરના લોકો માટે વાહન વ્યવહાર માટે શરૂ કરવું અને નહીં કરવામાં આવે તો ગુજરાત હાઈકોર્ટમાં રિટ પિટિશન કરવામાં આવશે તેવી ચીમકી વિજય પાનશેરિયા દ્વારા ઉચ્ચારવામાં આવી હતી.